# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા સ્વામીત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે

**2)** સંસદનું બજેટ સત્ર 31મી જાન્યુઆરીથી શરૂ થશે

**3)** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંરક્ષણ ક્ષેત્રમાં વધતા તણાવ વચ્ચે દેશની આક્રમક અને રક્ષણાત્મક કાર્યવાહીને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

**4)** ઇઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે, હમાસ સાથે યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ કરારને મંજૂરી આપી

**5)** પાકિસ્તાન અદાલતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન ને ભ્રષ્ટાચાર કેસ માં દોષિત ઠેરવી 14 વર્ષની સજા ફરમાવી

**6)** ખો-ખો વિશ્વકપમાં, ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમો સેમિફાઇનલમાં પહોંચી

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-SVAMITVA-SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા સ્વામીત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે.

દેશના ગામડાઓના સશક્તિકરણ અને સુશાસનની યાત્રામાં આ એક મહત્વપૂર્ણ પગલું હશે. દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના 50 હજારથી વધુ ગામડાઓમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવશે. અમારા સંવાદદાતા જણાવે છે કે, આ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં મિલકત માલિકોને રેકોર્ડ અધિકારો આપીને ગ્રામીણ ભારતમાં આર્થિક પરિવર્તનને પ્રોત્સાહન આપવાનો છે.

## (BYTE : DIPENDRA SWAMITVA)

દરમિયાન ગુજરાતનાં પ્રવાસે આવેલા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડા આજે અમદાવાદમાં સ્વામિત્વ કાર્ડનું વિતરણ કરશે ત્યારે બાદ તેઓ અમદાવાદના આઇઆઇએમ ખાતે હેલ્થકેર સમિટમાં પણ ઉપસ્થિત રહેશે

# PAR-BUDGET-SESSION

સંસદનું બજેટ સત્ર 31મી જાન્યુઆરીથી શરૂ થશે. સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય

બજેટ રજૂ કરશે. બજેટ સત્રનો પહેલો તબક્કો ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે જ્યારે બીજો તબક્કો ૧૦ માર્ચથી ૪ એપ્રિલ સુધી ચાલશે.

# RAJNATH-DEFENSIVE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંરક્ષણ ક્ષેત્રમાં વધતા તણાવ વચ્ચે દેશની આક્રમક અને રક્ષણાત્મક કાર્યવાહીને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં નૌકાદળના એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે, દેશના સંરક્ષણ દળોની જટિલતાઓ સમય સાથે વધી રહી છે. શ્રી સિંહે કહ્યું કે દેશભક્તિ, હિંમત અને શિસ્ત સૈનિકોને દેશની રક્ષા પ્રત્યેની તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરે છે. તેમણે ઉમેર્યું કે, દેશની આર્થિક સમૃદ્ધિ દરિયાઈ સુરક્ષા સાથે જોડાયેલી છે. શ્રી સિંહે આજના સમયમાં સાયબર સુરક્ષાને દરિયાઈ સુરક્ષાનું એક મહત્વપૂર્ણ પાસું ગણાવ્યું અને કહ્યું કે, તેને અવગણવું ઘાતક સાબિત થઈ  શકે છે.

# MAHAKUMBH-BUSINESS

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે અને ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે.

લાખો લોકોના આ મેળાવડાએ પ્રયાગરાજની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે એટલું જ નહીં પરંતુ સ્થાનિક અર્થતંત્ર અને વ્યવસાયને પણ વેગ આપ્યો છે. આ અંગે વધુ વિગતો આપે છે અમારા સંવાદદાતા આનંદકુમાર..

# (BYTE : ANAND KUMAR)

દરમિયાન ગુજરાતના શ્રદ્ધાળુઓને પ્રયાગરાજમાં તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજ ખાતે 'ગુજરાત પેવિલિયન' બનાવામાં આવ્યું છે જેનો ઉદ્દેશ પ્રવાસીઓને ગુજરાતના વૈવિધ્યસભર વારસાથી પરિચિત કરાવી તીર્થયાત્રીઓને શક્ય તમામ પ્રકારની મદદ કરવાનો છે.

આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ દ્વાર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800-180-5600 જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર સંપર્ક કરીને ગુજરાતીઓ મહાકુંભને લગતી તમામ માહિતી ઉપરાંત પેવેલિયનની વિવિધ સેવાઓ વિશે જાણકારી મેળવી શકશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# CHHATTISGARH-MAOISTS

છત્તીસગઢમાં એન્કાઉન્ટર બાદ, સુરક્ષા દળોને ઘટનાસ્થળેથી 12 માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. આ માઓવાદીઓમાં 5 મહિલા માઓવાદીઓનો પણ સમાવેશ થાય છે. આ એન્કાઉન્ટર ગુરુવારે બીજાપુર જિલ્લાના પામેડ અને બાસાગુડા વિસ્તારોમાં થયું હતું. આ વિસ્તારમાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે દિવસભર ગોળીબાર ચાલ્યો હતો. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ઇન્સ્પેક્ટર જનરલ રાકેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ ઓપરેશનમાં CRPF, કોબ્રા બટાલિયન, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સની ટીમો સામેલ હતી.

# ISRAEL CEASEFIRE AGREEMENT

ઇઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે, હમાસ સાથે યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ કરારને મંજૂરી આપી છે અને સરકારને તેનો સ્વીકાર કરવાની ભલામણ કરી છે.

આ કરાર ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા તરફ એક મોટું પગલું હશે. કતાર, અમેરિકા અને ઇજિપ્ત દ્વારા પ્રસ્તાવિત આ કરાર, ચાલી રહેલી હિંસાનો અંત લાવશે.

ઇઝરાયલના પ્રધાનમંત્રી કાર્યાલયે ગઈકાલે જણાવ્યું હતું કે, સુરક્ષા મંત્રીમંડળે રાજદ્વારી, સુરક્ષા અને માનવતાવાદી પાસાઓનું મૂલ્યાંકન કર્યા પછી આ કરારને સ્વીકારવાની ભલામણ કરી છે. આ કરાર આવતીકાલથી અમલમાં આવશે. ત્રણ મહિલા બંધકોને આવતીકાલે સાંજે 4 વાગ્યા સુધીમાં મુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે.

# IMRAN SENCTENCED

પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાનને 19 કરોડ પાઉન્ડના અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં 14 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમની પત્ની બુશરા બીબીને 7 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ન્યાયાધીશ નાસિર જાવેદ રાણા દ્વારા અદિયાલા જેલ ખાતેના એક કામચલાઉ કોર્ટરૂમમાં ચુકાદો આપવામાં આવ્યો હતો, જ્યાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

જેલની સજાની સાથે, ઇમરાન ખાન માટે 10 લાખ પાકિસ્તાની રૂપિયાનો દંડ અને તેમની પત્ની માટે 5 લાખ પાકિસ્તાની રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.ફેબ્રુઆરી 2024 ના આ કેસમાં એવા આરોપો છે કે શ્રી ખાન અને શ્રીમતી બીબીએ બહરિયા ટાઉન લિમિટેડ પાસેથી અબજો રૂપિયા અને જમીન મેળવી હતી.

# KHO-KHO-WORLD-CUP

ખો-ખો વિશ્વકપમાં, ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમો સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે.

ભારતીય પુરુષ ટીમે ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં શ્રીલંકાને 100-40થી હરાવ્યું. રામજી કશ્યપને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા જ્યારે વી. સુબ્રમણીને બેસ્ટ એટેકરનો એવોર્ડ એનાયત કરાયો.

ભારતીય મહિલા ટીમે ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં બાંગ્લાદેશને 109-16થી હરાવ્યું હતું. ભારતીય મહિલા ટીમે ટુર્નામેન્ટમાં સતત ચોથી મેચમાં

100 પોઈન્ટનો આંકડો પાર કર્યો. અશ્વિની શિંદેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા, જ્યારે રિતુ રાની સેનને બેસ્ટ એટેકરનો એવોર્ડ એનાયત કરાયો.

ઉલ્લેખનીય છે કે, બંને ટીમોએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું છે અને તમામ મેચો જીતી છે.

# RBI-NOMINATION

રિઝર્વ બેંકે, બેંકોને નવા અને હાલના તમામ ગ્રાહકોના ડિપોઝિટ ખાતાઓ અને લોકરમાં નોમિનેશન સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

રિઝર્વ બેંકે કહ્યું છે કે, મોટી સંખ્યામાં ખાતાઓમાં નોમિનેશન કરાયા નથી. નોમિનેશનનો ઉદ્દેશ્ય થાપણદારના મૃત્યુના કિસ્સામાં પરિવારના સભ્યોના દાવાઓનું ઝડપી સમાધાન અને તેમની મુશ્કેલીઓ ઘટાડવાનો છે.

ગઈકાલે જારી કરાયેલા એક જાહેરનામામાં, રિઝર્વ બેંકે બેંકના બોર્ડની ગ્રાહક સેવા સમિતિને સમયાંતરે નોમિનેશન પ્રક્રિયાની સમીક્ષા કરવા જણાવ્યું છે. આ વર્ષે 31 માર્ચથી ત્રિમાસિક ધોરણે આ સંદર્ભમાં થયેલી પ્રગતિની વિગતો રિઝર્વ બેંકના દક્ષ પોર્ટલ પર પણ આપવાની રહેશે. રિઝર્વ બેંકે બેંકોને તેમના કર્મચારીઓને નોમિનેશન લેવા અને મૃતકના નોમિની અથવા કાનૂની વારસદારોના દાવાઓનું સમાધાન કરવા માટે યોગ્ય રીતે તાલીમ આપવા પણ કહ્યું છે.

અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- દિવ્ય ભાસ્કરે ધ્રુવિ જેવી 30 નવી બોગસ કંપનીઓમાંથી 60 કરોડના 1800 બિલ બન્યા, પત્રકાર મહેશ લાંગાના વિદેશના વ્યવ્હારની તપાસ ઈડી પાસે અને પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનને 14 વર્ષની અને તેમના પત્નીને 7 વર્ષની જમીન કૌંભાડમાં જેલના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે...

- સંદેશ, નવગુજરાત સમય અને ફુલછાબે યુક્રેનના યુદ્ધમાં લડનારા 12 ભારતીયના મોતના સમાચારને પ્રથમ પાના પર સ્થાન આપ્યું છે. સંદેશ લખે છે કે રશિયા માટે લડનારા 12 ભારતીયના મોત... જ્યારે નવગુજરાત સમય લખે છે કે યુક્રેન યુદ્ધમાં રશિયા વતી લડતા 12 ભારતીયોના મોત....ફુલછાબ લખે છે કે રશિયા માટે લડનારા 16 ભારતીય લાપતા અને 12ના મૃત્યુ.

- આ સાથે જ સંદેશ લખે છે કે સંસદનું બજેટ સત્ર 31 જાન્યુઆરીથી 4 એપ્રિલ સુધી યોજાશે....નવગુજરાત સમયે છેલ્લા પાનાં પર, ગુજરાત 2029 સુધીમાં ગ્લોબલ ફિન્ટેક રિવોલ્યુશનમા અગ્રણી રાજ્ય બનશેના સમાચાર છાપ્યા છે.